# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૩ | ૩ જૂન, ૨૦૧૬, શુક્રવાર ; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## રાહુલ અધ્યક્ષ બનશે તો ભાજપના અચ્છે દિન રહેશે : સ્મૃતિ ઈરાની



નવી દિલ્હી,તા. ૨

કોંગ્રેસના નવા અધ્યક્ષ બનાવવા માટે ચાલી રહેલી હિલચાલ વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ કહ્યુ છે કે જો રાહુલ ગાંધીને કોંગ્રેસના અધ્યક્ષ બનાવવામાં આવશે તો અમારા માટે સારા દિવસો આવી જશે. તેમણે કહ્યુ હતુ કે પત્રકારો તેમને પ્રશ્ન કરે છે જેથી રાહુલ ગાંધી પર પ્રહાર કરી નાંખે છે.

સ્મૃતિએ પોતાના પર થતા પ્રહારોને લઈને કહ્યુ હતુ કે તેઓ પર્સનલ પ્રહારોના પણ ઝડપથી જવાબો આપી દે છે જેથી તેમને સોશિયલ મિડિયામા ટાર્ગેટ બનાવવામાં આવે છે. કેબિનેટ પ્રધાન હોવા છતાં કેમ તેઓ સતત વિવાદમાં રહે છે તે અંગે પુછવામાં આવતા સ્મૃતિએ કહ્યુ હતુ કે તેમને પત્રકારો જ ટાર્ગેટ વધારે બનાવે છે. હૈદરાબાદ યુનિવર્સિટીમાં થયેલા વિવાદ અંગે પોતાના નિવેદનને લઈને સ્મૃતિ ચર્ચામાં રહ્યા હતા.

આ સંબંધમાં સ્મૃતિએ કહ્યુ હતુ કે સંસદમાં તેઓએ જે કઈ પણ નિવેદન કર્યુ હતુ તેને લઈને પેપરો રજૂ કર્યા હતા. આ જ કારણસર વિરોધપક્ષો તેમની સામે વિશેષાધિકાર દરખાસ્ત લાવી શક્યા ન હતા.

# ગુલબર્ગ હત્યાકાંડમાં ૨૪ દોષિત

### ૬૬ પૈકીના ૨૪ને અંતે દોષિત જાહેર કરાયા : દોષિતોને સજા અંગેની જાહેરાત છઠ્ઠી જુનના દિવસે કરાશે : ૩૬ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમદાવાદમાં ખાસ અદાલત દ્વારા ફેંસલો

અમદાવાદ,તા. ૨

વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં કોમી રમખાણ વેળા સર્જાયેલા અને ગુજરાત સહિત દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દેનાર ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં અમદાવાદમાં ખાસ અદાલતે તેનો ચુકાદો આપ્યો હતો. ખાસ અદાલતે તેનો ચુકાદો આપતા આ હત્યાકાંડમાં રહેલા ૬૬ આરોપીઓ પૈકીના ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા. જ્યારે કોર્ટે અન્ય ૩૬ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આ ચુકાદો કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. આ કેસમાં જે ૨૪ને અપરાધી જાહેર કરવામાં આવ્યા છે તે પૈકી ૧૧ને હત્યાના મામલામાં અપરાધી જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૧૩ને અન્ય આરોપસર દોષિત ઠેરવી દેવામાં આવ્યા છે. હવે સજાની જાહેરાત છઠ્ઠી જુનના દિવસે કરવામાં આવનાર છે. જે આરોપીઓને અપરાધી જાહેર કરવામાં આવ્યા છે તેમાં વિહિપના નેતા અતુલ વૈધ્યનો સમાવેશ થાય છે. આરોપીઓને ટેકો આપવા માટે આજે સવારે વિહિપના નેતાઓ કોર્ટ પ્રાંગણમાં પહોંચ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ચુકાદાની

● અનુસંધાન પાન-૭ પર





# ચોમાસુ વધુ સારુ રહેશે

### આગામી ચાર-પાંચ દિવસમાં વિધિવત ચોમાસુ : જૂન- સપ્ટેમ્બર મોનસુન વરસાદની શરૂઆત કેરળથી થયા બાદ દેશના અન્ય ભાગોમાં આદર્શ રીતે વરસાદ : ઉત્તર પશ્ચિમ ભારતમાં ૧૦૮ ટકા વરસાદ

નવીદિલ્હી,તા. ૨

ભારતીય હવામાન વિભાગે આજે આગાહી કરતા કહ્યું હતું કે, આ વર્ષે ઓછા વરસાદની કોઈપણ શક્યતા નથી. મોનસુનમાં અછતની કોઈ શક્યતા નહીં દર્શાવીને તમામ લોકોને રાહત આપી દીધી છે. ભારતમાં છેલ્લા બે વર્ષથી દુષ્કાળની સ્થિતિ જોવા મળી રહી હતી. આ વખતે ૯૬ ટકા મોનસુનની આગાહી કરવામાં આવી છે. મોનસુન સમાન્ય રહેશે અને પોતાની ગતિ કરતા આગળ વધશે.

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્રીય કર્મચારીઓને જુલાઈથી પગાર વધારો

### સરકારના તમામ કર્મીઓને જુલાઈથી પગાર વધારાનો લાભ : સાતમાં વેતન પંચની ભલામણોના અમલીકરણનો માર્ગ મોકળો : કેબિનેટ સેક્રેટરીના નેતૃત્વમાં સેક્રેટરીના ગ્રુપની ૧૧મી જૂને બેઠક : ફેરફારોને આખરી ઓપ અપાશે

મુંબઈ,તા. ૨

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સાતમા વેતન પંચની ભલામણોને હવે ટૂંક સમયમાં જ અમલી બનાવવામાં આવનાર છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓની આગામી મહિનાથી પગાર વધારાનો લાભ મળવાની શરૂઆત થઈ જાય તેમ માનવામાં આવે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે નવા વધારવામાં આવેલા પે સ્કેલ આગામી મહિનાથી આપવામાં આવશે. દરમિયાન કેબિનેટ સેક્રેટરી પીકે સિંહાના નેતૃત્વમાં ગ્રુપ ઓફ સેક્રેટરીની બેઠક ૧૧મી જૂનના દિવસે યોજનાર છે જેમાં સાતમાં વેતન પંચની ભલામણોના મામલામાં ફેરફારને આખરી ઓપ આપવામાં આવશે. જાન્યુઆરી મહિનામાં સરકારે સાતમાં વેતન પંચની ભલામણોની પ્રક્રિયાને હાથ ધરવા કેબિનેટ સેક્રેટરી પીકે સિંહાના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય પેનલની રચના કરી હતી. પેનલની રચના કરવામાં આવ્યા બાદ હવે કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર



પ્રાકૃતિક સૌંદર્ય - ગાંધીનગરનું પ્રાકૃતિક સૌંદર્ય નોખું છે - અનોખું છે... મોટા માર્ગો અને મોટા મકાનોની વચ્ચે ઉછેરાયેલ વૃક્ષોથી સૌંદર્યમાં ઔર વધારો થાય છે.. સેક્ટરોના વળાંકો કે સેક્ટરોના ખૂણાઓ વૃક્ષોથી શોભાયમાન બનતા હોય છે... સામાન્યતઃ આ દશ્ય રૂટીન લાગે પરંતુ મહાનગરના પરિપ્રેક્ષ્યમાં આ દશ્યને નિહાળવા જઈએ તો પ્રકૃતિનો પરમ વૈભવ અનુભવાય... આ ઝાડીની છાંયામાં નાચતા - કૂદતા મોર કે ડાળીઓ પર ચીચી-કાકા કરતા પક્ષીઓ મહાનગરનું મોંઘેરું ઘરેણું છે... સવાલ માત્ર દષ્ટિના મુલ્યાંકનનો છે... અને સમય કાઢીને દશ્યને અંદર ઉતારવાની તત્પરતા પણ એટલી જ જરૂરી છે...

# અમૂલ દૂધના ભાવમાં બે રૂપિયાનો વધારો

### ગાંધીનગર સહિત રાજ્યભરમાં અમૂલ બ્રાન્ડથી વેચાતા દૂધમાં ૧ લિટરે બે રૂપિયાનો ભાવ વધારો : ભાવવધારો રવિવારથી અમલી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં વેચાણ થતા અમૂલ બ્રાન્ડ દૂધના ભાવમાં રૂ. ૨ નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ભાવ વધારો રવિવારથી અમલી બનવાનો છે.

પેટ્રોલ-ડિઝલના ભાવ-વધારા બાદ હવે દૂધના ભાવમાં પણ વધારો ઝીંકાતાં મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે.

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ અને અમૂલ વચ્ચે તાજેતરમાં જ થયેલા સમજૂતી કરાર બાદ ગાંધીનગરમાં અમૂલ બ્રાન્ડ દૂધનું વેચાણ થઈ રહ્યું છે. અમૂલ બ્રાન્ડ બન્યા બાદ નગરમાં પહેલીવાર રૂ. બે નો ભાવ-વધારો આવતાં નગરજનોમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

તીવ્ર મોંઘવારીનો સામનો સામાન્ય લોકો કરી રહ્યા છે ત્યારે મોંઘવારીની વધુ એક માર લોકો ઉપર પડી છે. સૌથી મહાકાય કંપની અમૂલે પણ હવે દૂધની કિંમતમાં વધારો ઝીંકવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ સામાન્ય લોકોના બજેટ વધુ બગડે તેવા સંકેત છે. અમૂલે પોતાની તમામ બ્રાન્ડ દૂધની કિંમતમાં વધારો ઝીંકી દીધો છે. ગુજરાતમાં ૨૦૦૬ બાદથી સતત વધારો કરાયો છે. દેશના અન્ય ભાગોમાં પણ અમૂલ દૂધની કિંમતમાં વધારો કરાયો છે. દેશભરમાં જેનું બ્રાન્ડનેઈમ છે તેવા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ દ્વારા તેના અમૂલ બ્રાન્ડનેઈમ સાથે બજારમાં વેચવામાં આવેલા તમામ દુધના ભાવમાં લીટરે ૨ રૂપિયાનો ભાવ વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ ભાવ વધારો

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપને બદનામ કરવાનો કોંગ્રેસનો કારસો નિષ્ફળ : રૂપાણી

અમદાવાદ, તા. ૨

પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આજરોજ નામદાર કોર્ટ દ્વારા ગુલબર્ગ કેસ કાવતરુ નહોતુ એવો સ્પષ્ટ ચુકાદો આપતા કોંગ્રેસની નરેન્દ્ર મોદી અને ભાજપને બદનામ કરવાની કોશિશ પર પાણી ફરી વળ્યું છે. રૂપાણીએ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, ગોધરા બનાવ પછી સતત દરેક કેસમાં કોંગ્રેસે નરેન્દ્ર મોદી, અમિતભાઈ અને ભાજપને ખોટી રીતે સંડોવી બદનામ કરવામાં કોઈ કચાશ રાખી નહોતી. કોંગ્રેસે અનેક ષડયંત્રો રચ્યા હતા. પરંતુ આજના ચુકાદાથી કોંગ્રેસની મેલી મુરાદ ખુલ્લી પડી ગઈ છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રમખાણો અંગેના કેસ ચાલ્યા છે. ચુકાદાઓ આવ્યા છે, સજાઓ થઈ છે. પરંતુ કોંગ્રેસ શાસિત કોઈપણ

રાજ્યોમાં રમખાણોના કેસ ચાલતા નહોતા, દિલ્હીમાં ૧૯૮૪ની શીખોની કત્લેઆમમાં કોંગ્રેસીઓને સજા થઈ નથી તે આખી દુનિયા જાણે છે. કોંગ્રેસના શાસનમાં ભૂતકાળમાં ગુજરાતમાં છાશવારે કોમી તોફાન થતા હતા, જ્યારે ગોધરાના બનાવને બાદ કરતા ગુજરાતમાં કોઈ કોમી તોફાન થયા નથી, શાંતિ પ્રવર્તે છે બધા ભાઈચારાથી રહે છે. રૂપાણીએ અંતમાં ઉમેર્યુ હતું કે, ગુલબર્ગનો ચુકાદો એ ન્યાયિક બાબત છે. ન્યાયતંત્ર ન્યાયનું કામ કરે એવું અમે ઈચ્છીએ છીએ. ન્યાયની ઉચ્ચત્તમ પરંપરામાં ટીપ્પણી કરવી નથી. દરમિયાન ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કોર્ટના ચુકાદાથી કોઈને નિર્દોષ છુટી ગયાની ખુશી મળી હોય છે. કોઈને સજા થવાથી દુઃખી થયા હોય છે અને

● અનુસંધાન પાન-૭ પર

# ષડયંત્ર રચી સરકાર રક્ષકના બદલે ભક્ષક બની : શંકરસિંહ વાઘેલા

### ચુકાદો તમામને માટે સંતોષજનક નથી : કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ ચુકાદા મુદ્દે પ્રતિક્રિયા

અમદાવાદ, તા.૨

ગોધરાકાંડ બાદ ગુલબર્ગ સોસાયટીના બનાવ અંગે કોર્ટના આજે આવેલ ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતાં ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુલબર્ગ સોસાયટીના કેસનો ચુકાદો આવ્યો તે સર્વેને માટે સંતોષજનક નથી. ન્યાયતંત્ર આખરે ન્યાયતંત્ર છે. તેનો ચુકાદો માથે ચઢાવવાનો હોય, પરંતુ જાહેર જીવનમાં પડેલી વ્યક્તિએ પોતાની મહત્વકાંક્ષા સંતોષવા માટે ગુજરાતને જંગલરાજમાં ધકેલી દીધું. ગોધરામાં રેલ્વેનો ડબ્બો સળગાવવાનો જે બનાવ બન્યો ત્યાર પછી ગુલબર્ગ સોસાયટીમાં રહેતા જાહેર જીવનમાં પડેલા એક સામાન્ય, ગરીબ મજુરોના પ્રતિનિધિ જેના માણસ અહેસાન જાફરીને દિનદહાડે જાહેરમાં હાથ પગ કાપી નાંખી રહેંસી નાંખવા એ જાણે કે માનવતા મરી પરવારી હોય તેવું કલ્પના બહારનું કૃત્ય હતું. આવા વખતે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી બેજવાબદારી ભર્યા નિવેદનો કરે કે આ તો આઘાતનો પ્રત્યાઘાત છે.દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે. ગોધરાકાંડના બનાવને ગોધરા પુરતો રોકી શક્યા હોય, પરંતુ તેમ નહીં કરીને, આખા ગુજરાતમાં કોમી લાગણીઓ ભડકાવીને ગુજરાતમાં વસતાં અને જન્મે મુસ્લિમ હોય એટલે તેનો વારો કાઢી નાંખવો તેવું ષડયંત્ર ભાજપ સરકારે રચેલું. ગત દિવસોમાં દિલ્હીમાં નાઈજીરીયાના નાગરિકો ઉપર હુમલા થયા, તેની પ્રતિક્રિયારૂપે નાઈજીરીયામાં ભારતીય નાગરિકો ઉપર હુમલા થાય તે વ્યાજબી નથી તેમ ગોધરાકાંડની પ્રતિક્રિયા રૂપે સમગ્ર ગુજરાતમાં બનેલ બનાવો પણ વ્યાજબી નહોતા.

વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુલબર્ગના બનાવ અંગે આજે આવેલ ચુકાદામાં કોર્ટે ૨૪ વ્યક્તિઓને દોષિત ઠરાવી, તે પૈકીના ૧૧ ઈસમો સામે ૩૦૨ની કલમ લગાડીને તેમની સામે ખુનનો ગુનો નોંધ્યો છે. જેનાથી મરનારના પત્નીને સંતોષ ન થાય તે સ્વભાવિક છે. તેઓ તેમ ઈચ્છે છે કે, હુમલો કરનાર તમામને કડકમાં કડક સજા થવી જોઈએ, જેથી પરિવારથી અલગ પડવાથી કેવું દુઃખ

● અનુસંધાન પાન-૭ પર


૮૮મી જન્મજયંતિએ
હાર્દિક સ્મરણાંજલિ



સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ
પ્રાર્થના સભા
તારીખ :૦૩-૦૬-૨૦૧૬
સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦
-: સ્થળ :-
નર્મદા ઘાટ, ગાંધીનગર
■ સરદાર વલ્લભભાઈ સહકારી બેંક પરિવાર
■ સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
■ સરદાર સેના ટ્રસ્ટ ■ મંગલ પ્રભાત ટ્રસ્ટ
■ ગુજરાત કેળવણી ટ્રસ્ટ

જોઈએ છે
શિક્ષક : બી.એસ.સી./એમ.એસ.સી./એમ.એસ.સી., બી.એડ
યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૫માં અરજી કરો.
: સ્થળ :
ગોપાલક વિદ્યા સંકુલ
ગ-રોડ, જલભવનની બાજુમાં, સેક્ટર-૧૫, ગાંધીનગર.
મો. : ૯૪૦૮૧ ૩૦૪૪૮

બી. એડ. પ્રવેશ
હિલવુડ ઈન્ડિયા સોસાયટી સંચાલિત N.C.T.E. માન્ય અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
હિલવુડ એકેડમી ઓફ ટીચર્સ એજ્યુકેશન (બી.એડ)
શૈક્ષણિક વર્ષ - 2016-17 માં પ્રવેશ માટે સંપર્ક કરો.
કાર્યાલયનો સમય : 9.30 થી 12.30
મધુર ડેરીની સામે, કેમ્બે રીસોર્ટની પાસે, જી.આઈ.ડી.સી. એરિયા, સેક્ટર-૨૫, ગાંધીનગર.
M. 9428807628, 9574769222

સ્મરણાંજલિ
૮૮મી જન્મજયંતિએ....



સ્વ. ચીમનભાઈ પટેલ
(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)
પ્રાર્થના સભા : તા. ૩/૬/૨૦૧૬, શુક્રવાર
સવારે : ૮-૩૦ થી ૯-૩૦ કલાકે, નર્મદા ઘાટ, ગાંધીનગર
આવો સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ...
નરેન્દ્ર એમ. શાહ
- વાઈસ ચેરમેન -
ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.